નં.જિશિસ/શિક્ષણ/મકમ/વધ-ઘટ/વશી/ ૮૮૩ /૨૦૨૪
જિલ્લા શિક્ષણ સમિતિ, મહેસાણા
તા. ૨૬/૦૮/૨૦૨૪

પ્રતિ,
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
તાલુકા પંચાયત, ...................... (તમામ)
જિ.મહેસાણા

**વિષય :-** વધ ઘટ બદલી કેમ્પમાં શિક્ષકને હાજર રાખવા બાબત.

**સંદર્ભ :-** ૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (ભાગ-૧) તા.૧૧/૦૫/૨૦૨૩
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (ભાગ-૧) તા.૦૨/૦૬/૨૦૨૩
૩. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (ભાગ-૧) તા.૦૫/૦૭/૨૦૨૩
૪. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (ભાગ-૧) તા.૦૮/૦૮/૨૦૨૪
૫. પ્રા.શિ.નિયામકશ્રીની કચેરી, ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૧૩૦૧-૫૨ તા.૧૬/૦૮/૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ થી ૪ ના શિક્ષણ વિભાગના ઠરાવમાં પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોની બદલી અંગેની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે સબબ નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગરના આદેશથી તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ મંજુર થયેલ મહેકમ અનુસાર નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગરના સંદર્ભ-૫ ના પત્રથી વધ ઘટ બદલી કેમ્પનું આયોજન કરવાની સુચના મળેલ છે. આથી જિલ્લા શિક્ષણ સમિતિ, મહેસાણા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં તા.૩૧/૦૭/૨૦૨૪ ના મંજુર મહેકમ અનુસાર કેમ્પની સ્થિતિએ કામ કરતા શિક્ષકો પૈકી જે શાળામાં વધ ઉભી થતાં વધમાં પડેલ શિક્ષકોને વધ ઘટ બદલી કેમ્પ સંદર્ભ-૫ ના પત્રની સુચના મુજબ આ સાથે સામેલ પરિશિષ્ટ-અ મુજબ રાખવામાં આવેલ છે. તો આપના તાબાની પ્રાથમિક શાળાના વધ પડેલ શિક્ષકોને આપની કક્ષાએથી નીચેની ખાસ સુચનાઓ સહીત ઉપરોક્ત બાબતની લેખિતમાં જાણ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

**<u>ખાસ સુચના :-</u>**

૧. વધમાં આવતા શિક્ષકોને તાલુકા કક્ષાએથી આ સાથે સામેલ પરિશિષ્ટ-અ માં જણાવ્યા મુજબના સમય અને સ્થળે હાજર રહે તે માટે લેખિતમાં જાણ કરવાની રહેશે. સંબંધિત શિક્ષક સિવાયના અન્ય કોઈ શિક્ષક ઉપસ્થિત ન રહે તે તમામ શાળાઓને તાલુકા કક્ષાએથી લેખિત સુચના આપવાની રહેશે.

૨. વધ વાળા શિક્ષકશ્રીએ અવશ્ય કેમ્પના સ્થળે હાજર રહી સ્થળ પસંદ કરવાનું રહેશે. અન્યથા કેમ્પ બાદ એકતરફી હુકમ કરવામાં આવશે અને પાછળથી કોઈ હકદાવો કરી શકશે નહી.

૩. સંદર્ભ-૧ ના ઠરાવના પ્રકરણ-H(૧૩) અનુસાર સિનીયોરીટી યાદી તૈયાર કરવાની થતી હોઈ (અ) જે તે વર્ષના વધના શિક્ષકો (બ) અગાઉના વર્ષમાં તાલુકામાંથી તાલુકા વધથી બહાર ગયેલ શિક્ષકો (ક) અગાઉના વર્ષના સુપરન્યુમરી થયેલ શિક્ષકો (ડ) સંદર્ભ-૧ ના ઠરાવના પ્રકરણ-H ના પેટા નિયમ-(૬) અને (૭) અનુસાર પ્રતિનિયુક્તિ રદ થયેથી તાલુકા બહાર નિયુક્ત થયેલ બી.આર.સી/ સી.આર.સી/યુ.આર.સી. તથા મૂળ શાળા/તાલુકા વધ પરતનો લાભ મળવાપાત્ર શિક્ષકોને કેમ્પમાં તમામ આધાર પુરાવા સાથે હાજર રહેવાની સુચના આપવાની રહેશે.

૪. શાળામાં ખરેખર જે શિક્ષક વધમાં આવતા હશે અને તેની જગ્યાએ અન્ય કોઈ શિક્ષકને કેમ્પમાં મોકલવામાં આવશે કે રેકર્ડ સાથે શાળામાં હાજર તારીખોમાં ચેડા કરીને ફેરફાર કરવામાં આવ્યાનું આ કચેરીના ધ્યાન ઉપર આવશે તો આ માટે તમારી અંગત જવાબદારી ગણવામાં આવશે.

૫. વધમાં આવેલ શિક્ષકશ્રીએ વધ ઘટ કેમ્પ માં તથા જનરલ કેમ્પમાં રેકર્ડ સાથે અવશ્ય ઉપસ્થિત રહેવાનું રહેશે. ઉપરાંત આપના તાલુકાની શાળામાં વધમાં દર્શાવેલ મુદ્દા નં.(૩) લાગુ પડે છે તે શિક્ષકનું નામ ચકાસી લેવું અને આપના પત્ર સાથે જ સદર શિક્ષકને કેમ્પમાં મોકલવાના રહેશે.

૬. આપના તાલુકાની શાળામાં વધમાં આવતા મુદ્દા નં.(૩) માં દર્શાવ્યા મુજબના શિક્ષકને વધ-ઘટ કેમ્પની તારીખ, સમય અને સ્થળ વગેરેની લેખિત જાણ કરી તેમની સહી મેળવવાની રહેશે અને તેમને જણાવેલ સ્થળ, સમયે કેમ્પમાં હાજર રહેવા માટે લેખિતમાં જાણ કરવાની રહેશે.

૭. આપના તાલુકાની શાળામાં છેલ્લે હાજર થયેલ મુદ્દા નં.(૩) માં દર્શાવ્યા મુજબના શિક્ષકને તમે આપેલી માહિતીના આધારે જ વધમાં દર્શાવેલ છે, તેમ છતાં આ કચેરી દ્વારા ખરેખર વધમાં ન આવતા હોય તેવા કોઈ શિક્ષકનું નામ મોકલી આપવામાં આવ્યું હોય તો તમારા અદ્યતન સાધનિક રેકર્ડ સાથે ચકાસણી કરી ખરેખર જે શિક્ષક વધમાં આવતા હોય તો તેમને અત્રેની કચેરીએ આધાર સહ રેકર્ડ રજુ કરી કેમ્પમાં મોકલી આપવાના રહેશે અને આવા ફેરફાર અંગે લેખિત જાણ કેમ્પમાં આવનાર શિક્ષક સાથે મોકલી આપવાની રહેશે. શાળામાં

ખરેખર જે શિક્ષક વધમાં આવતા હશે અને તેની જગ્યાએ અન્ય કોઈ શિક્ષકને કેમ્પમાં મોકલવામાં આવશે કે રેકર્ડ સાથે શાળામાં હાજર તારીખોમાં ચેડા કરીને ફેરફાર કરવામાં આવ્યાનું આ કચેરીના ધ્યાન ઉપર આવશે તો આ માટે મુખ્ય શિક્ષકશ્રીની જવાબદારી નકકી કરીને તેમની સામે ખાતાકીય રાહે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. જેથી ખરેખર જે શિક્ષક વધમાં આવતા હોય તેમને જ કેમ્પમાં મુ.શિ.ના પત્ર સાથે મોકલવાના રહેશે.

૮. શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/2023 ના ઠરાવના પ્રકરણ-H(૨૨) મુજબ શાળાના અન્ય શિક્ષક સમંતિથી વધમાં જવા તૈયાર હોય તો તેમની સંમતિથી વધની બદલી કરવાની થાય છે. અને તેઓ બન્નેની માંગણીની બદલી ગણાશે. આવા સમંતિથી ગયેલ શિક્ષકને મુળશાળા/તાલુકા વધ પરતનો લાભ મળવાપાત્ર રહેશે નહી તથા આગામી ત્રણ વર્ષ સુધી બન્ને શિક્ષક આંતરીક માંગણી કે આંતરીક અરસ પરસ બદલીની માંગણી કરી શકશે નહી. તેમજ આ પ્રકારનો લાભ સમગ્ર નોકરી દરમ્યાન એક જ વખત લઈ શકાશે.

૯. તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તેઓના તાલુકાની વધ ઘટ બદલી કેમ્પ લગત મળેલ તમામ અરજીઓ મેળવી તા.૨૧/૦૮/૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં સિનીયોરીટી યાદી સાથે તમામ અરજીઓ લઈ અત્રે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

૧૦. વધ-ઘટ બદલી કેમ્પમાં ઉપસ્થિત રહેનાર શિક્ષકશ્રીએ માસ્ક અવશ્ય પહેરવાનું રહેશે. તથા શક્ય હોય ત્યાં સુધી સેનેટાઈઝર સાથે રાખી તેનો સમયાંતરે ઉપયોગ કરવાનો રહેશે અને સોશીયલ ડીસ્ટન્સ ફરજીયાત જાળવવાનું રહેશે. તેમજ વધ શિક્ષકશ્રીએ પોતાનું ઓળખપત્ર અવશ્ય સાથે રાખવાનું રહેશે.

## પરિશિષ્ટ – અ

## વધ ઘટ બદલી કેમ્પ કાર્યક્રમ

| અ.નં. | કેમ્પ તારીખ | વિભાગ | કેમ્પનું સ્થળ | તાલુકો | સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૨/૦૮/૨૦૨૪ | પ્રાથમિક વિભાગ વધ ઘટ કેમ્પ તથા પ્રાથમિક વિભાગ જનરલ કેમ્પ | **બી.આર.સી. ભવન, કાંસા તા.વિસનગર, જિ.મહેસાણા** | તમામ તાલુકા | ૦૯:૦૦ થી ૧૩:૦૦ |
| ૨ | ૨૨/૦૮/૨૦૨૪ | ઉચ્ચ પ્રાથમિક વિભાગ વધ ઘટ કેમ્પ તથા ઉચ્ચ પ્રાથમિક વિભાગ જનરલ કેમ્પ | | તમામ તાલુકા | ૧૪:૦૦ થી ૧૬:૦૦ |

સદરહું કેમ્પમાં જે તે સમયે કાર્યવાહી શરૂ કરવામાં આવશે અને કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રહેશે. તો સંબંધકર્તા શિક્ષકો/વિદ્યાસહાયકોને તાલુકાના કેમ્પના સમય પહેલાં કેમ્પના સ્થળે હાજર રહેવા જણાવવા સુચના છે. પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો.

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**જિલ્લા શિક્ષણ સમિતિ, મહેસાણા**

**નકલ સવિનય રવાના :-**

૧. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, મહેસાણા
૨. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, પ્રા.શિ.નિ.કચેરી, ગુ.રા.ગાંધીનગર
3. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.પં.મહેસાણા
૪. અધ્યક્ષશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, જિ.પં.મહેસાણા

**નકલ રવાના જાણ વ અમલ સારૂ :-**

૧. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તા.પં. ........................ (તમામ)
૨. પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, મહેસાણા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, શિક્ષક ભવન, જેલ મહેસાણા તરફ જાણ વ આપના એક પ્રતિનિધિને હાજર રાખવા સારૂ.
3. પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, મહેસાણા જિલ્લા પ્રાથમિક શૈક્ષિક સંઘ તરફ જાણ વ આપના એક પ્રતિનિધિને હાજર રાખવા સારૂ.